**આજકાલ ઘણું ઘણું 'ઓનલાઇન' થવા લાગ્યું છે. ભણતર, ખરીદી, મૈત્રી... લગ્ન પણ! બસ, મોબાઇલ ફોનમાં અને કોમ્પ્યુટરમાં 'મળ્યાં', 'ગમ્યાં' અને પરણી ગયાં! આવી રીતે પરણી જનાર બે જુવાનિયાની અને એક અપરાધની આ કથા છે**

# ઘણા દિવસોથી ફોન-ફ્રેન્ડ હતો, અત્યારે હસબન્ડ અને વાઈફ?

## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

સુરતના બહુ મોટા વ્યવસાય બેઃ હીરા અને કાપડ. અબજોના વેપાર. એ દરમિયાન કરોડોની ઠગાઈ. વીસેક કરોડની એક ઠગાઈનો મામલો હતો. સુરતની પેઢીને મુંબઈની પાર્ટીએ શીશામાં ઉતારી હતી. તપાસ કરતાં જાણવા મળ્યું કે એ પાર્ટી વધારે દક્ષિણમાં ક્યાંય મેંગલોર બાજુ ઊતરી ગઈ છે. આવા મામલામાં પોલીસ કરતાં પ્રાઈવેટ ગુના શોધકો વધુ કારગત નીવડે એવી સુરતની પેઢીને શ્રદ્ધા હતી અને સુરતમાં પ્રાઈવેટ ડિટેક્ટીવ અજય વર્માના કામ અખબારોમાં ચમકતાં હોવાથી પેઢીએ એનો સંપર્ક સાધ્યો. હમણાં અમદાવાદમાં પ્રમાણમાં શાંતિ હોવાથી, અજયે પણ એ કામગીરી સ્વીકારી લીધી. સુરતમાં એને સલાહ મળી કે દક્ષિણ બાજુ અને ખાસ કરીને કાજદ્રા કિનારે જવા માટે ટ્રેઈન કરતાં સ્ટીમર વધુ સરળ, સસ્તી અને સમયસર છે. એ ખરું કે સ્ટીમરની હાલક ડોલક સફર ઝાડા, ઉલટી, ચક્કર જેવી તકલીફ સર્જી શકે પણ અજયે એ બધાંનાં ઔષધો લઈને મુંબઈથી સ્ટીમરથી જવાનું ઠરાવ્યું.

આમ, એ મુંબઈથી મેંગલોર જતી સ્ટીમર 'M.V. મહાલક્ષ્મી' પર એક પ્રવાસી તરીકે પહોંચ્યો અને આ કારણે એક અદ્‌ભૂત કિસ્સાનો એ સાક્ષી બન્યો. અબલત્ત, એ વ્યવસાયે અને સ્વભાવે ડિટેક્ટીવ હોવાને કારણે સાક્ષી ઠરતાં ઘણી વિશેષ ભૂમિકા એણે ભજવવાની આવી.

'મહાલક્ષ્મી' પરની આ અજાયબ ઘટનાની વાત કરતાં પહેલાં મારે તમને એ ઘટનાની ભૂમિકા અને વિગતો પણ જણાવવી જોઈએ.

પેસેન્જર સ્ટીમર 'મહાલક્ષ્મી' જમીનકાંઠાને નજરમાં રાખીને જ ગતિ કરતી હોવાથી અને ખૂબ પેસેન્જરોને સમાવતી હોવાથી ધીમી ગતિએ ચાલતી અને બે બંદરો વચ્ચેનું અંતર અડતાળીસ કલાકે કાપતી. મુંબઈથી રવિવારે સવારે ઉપડતી ને મંગળવારે સવારે મેંગલોર પહોંચતી. પછી ચોવીસ કલાક આરામ કરતી. બુધાવરે સવારે મેંગલોરથી ઉપડીને શુક્રવારે મુંબઈ પહોંચતી. પછી અડતાળીસ કલાક આરામ કરતી. એના ઓફિસરો, ખલાસીઓ વગેરે વારાફરતી મુંબઈમાં જતા અને ખરીદી, આનંદપ્રમોદ, જુગાર વગેરેની મોજ માણી લેતા.

એવાં આરામ, મોજ, મસ્તીના સમય પછીનો રવિવાર હતો. 'મહાલક્ષ્મી'ના કર્મચારીઓએ તેને સાફસૂફ કરી નાખી હતી. બળતણ, ભોજન, પાણી બધી વસ્તુમાંનો પુરવઠો લઈ લીધો હતો. હંમેશની જેમ, પેસેન્જર ટિકિટો તો અઠવાડિયા અગાઉથી 'હાઉસફુલ' થઈ ગઈ હતી. હવે એ સૌ જહાજ પર આવી જાય અને સમય થાય એટલે લંગર ઉપાડવાની તૈયારી હતી. પેસેન્જરોને માટે 'ગેન્ગ પ્લેન્ક' તરીકે ઓળખાતી રેમ્પ હજુ જોડાયેલી હતી. એ રેમ્પ વાટે જહાજની અંદર જ્યાં પહોંચાય ત્યાં જહાજનો સેકંડ ઓફિસર મહેશ મહાજન ઊભો હતો. પેસેન્જરોની ઉતાવળી દોડધામ એ જોઈ રહ્યો હતો. કોઈ કશી પૂછપરછ કરે તો જવાબ આપવાની એની તૈયારી હતી.

ત્યારે યુવાન વયની બે વ્યક્તિઓ એકની પાછળ એક ચાલતી આ ગેન્ગ પ્લેન્ક તરફ આવી રહી હતી. એક પાંત્રીસનો લાગતો, સુદૃઢ ને સપ્રમાણ બાંધાવાળો, અક્કડ ચાલવાળો યુવાન હતો. એની પાછળ ચાલી રહેલી યુવતી સત્તાવીસેકની હતી અને એ ઠીક ઠીક ચિંતાગ્રસ્ત જણાતી હતી. એ પેલા યુવકને વારંવાર કશુંક પૂછતી હતી અને પેલા અટકયા વગર પાછું જોયા વગર જવાબો આપતો હતો. બંને જરાક વિમાસણમાં હોય એવું તો જણાતું જ હતું.




**આમ, એ મુંબઇથી મેંગલોર જતી સ્ટીમર 'M.V. મહાલક્ષ્મી' પર એક પ્રવાસી તરીકે પહોંચ્યો અને આ કારણે એક અદ્‌ભૂત કિસ્સાનો એ સાક્ષી બન્યો. અબલત્ત, એ વ્યવસાયે અને સ્વભાવે ડિટેક્ટીવ હોવાને કારણે સાક્ષી ઠરતાં ઘણી વિશેષ ભૂમિકા એણે ભજવવાની આવી**

## કેબીન B-13

યુવતી કહેતી હતી, 'હવે બસ, રાઘવ! હવે તો ધીમો પડ? તેં જોયું ને, આપણે મોડાં નથી પડ્યાં સ્ટીમર ઊપડવાને હજુ વાર છે!'

'બરાબર છે, અનુપમા,' રાઘવે ચાલતાં જ જવાબ આપ્યો.'એ તો મેં તને ઝડપથી દોડાવી એટલે વખતસર પહોંચાયું. નહિતર આપણે રહી ગયાં હોત.'

'ઓલ રાઈટ? રહી તો નથી ગયાં ને? હવે તો હસવા માંડ! આપણે સાઉથ ઈન્ડિયામાં હનીમૂન માટે જઈ રહ્યાં છીએ, રાઘવ! અને સ્ટીમર તો પકડાઈ ગઈ છે. હવે તો ચહેરા પરથી ગંભીરતાનું મહોરું ઉતાર!'

'ગંભીરતાનું આ મહોરું નથી, અનુપમા! હું ખરેખર હજુ ય આપણા છેલ્લા ચોવીસ કલાકનું આશ્ચર્ય અનુભવી રહ્યો છું. ઘણા દિવસોથી આપણે માત્ર ફોન ફ્રેન્ડ હતાં અને અત્યારે હસબન્ડ અને વાઈફ બની ગયાં છીએ!'

'આપણે ઘડિયાં લગ્ન લીધાં કહેવાય, બરાબર?'

'અરે, એટલાં ઉતાવળાં લગ્ન કે આર્યસમાજના ચોપડામાં સહીઓ કરવા સિવાય કોઈ અધીકૃત દસ્તાવેજ પણ આપણાં લગ્નની સાબિતી માટે નથી. આ સ્ટીમરની આપણી ટિકિટો પણ આપણા જૂના નામે છે. મારું નામ તો, અલબત્ત, બદલાયું નથી, પણ તારું નામ, તારી અટક અલગ છે અને બે અલગ અટકવાળાં સ્ત્રી પુરુષને સ્ટીમરની એક જ કેબીનમાં પ્રવાસ કરતાં જોઈને ઈતર પેસેન્જરોને ગંદા વિચાર ન આવે તો સારું.'

'તે ભલે ને જે વિચાર કરવા હોય તે કરે!' અનુપમાએ મસ્તકને એક અલ્લડ ઉલાળો આપતાં કહ્યું. 'અરે હા, રાઘવ, આપણે સ્ટીમરની ટિકિટ પેલા ઉપર ઊભરેલા ઓફિસરને બતાવવાની હશે?'

'ના રે! સ્ટીમર ઊપડ્યા પછી એક ટિકિટ ચેકર નિરાંતે આવશે અને ટિકિટોની ચોકસાઈ કરી જશે. જો કોઈ વગર ટિકિટે સ્ટીમર પર ચડી ગયું હશે તો એણે ભારે દંડ ભોગવવો પડશે.'

'બાપ રે... અં... ઓહ! રાઘવ, સ્ટીમર ઊપડવાને હજુ વાર છે ને? તો થોડીક વાર અહીં ઊભાં રહીએ?'

'કેમ? સ્ટીમર પર ચડી જ જઈએ તો?'

'પણ તેં બંદરના ઝાંપાથી અહીં ડોક સુધી મને એટલી ઝડપથી દોડાવી છે કે હું થાકી ગઈ છું. હજુ મારામાં પૂરેપૂરી શક્તિ જ ક્યાં પાછી આવી છે? હું મેનિન્જાઈટિસમાંથી તો ઊભી થઈ પણ હજુ પૂરી તાકાત ક્યાં પાછી આવી છે!'

આમ બોલતી અનુપમા ગેન્ગ પ્લેન્કની બાજુમાં હાંફતી હાંફતી ઊભી રહી ગઈ. પરંતુ રાઘવને ઊભા રહેવું ગમ્યું નહીં. એ તો અનુપમાની રાહ જોયા વગર સડસડાટ ગેન્ગપ્લેન્ક ચડી ગયો. એટલે અનુપમા પણ નાછૂટકે પ્લેન્ક ચડી ગઈ અને જહાજના ટ્રેક પર પહોંચી. એણે જોયું કે રાઘવ તૂતક પર ઊભો રહીને જહાજના કોઈક કર્મચારી સાથે વાત કરે છે. અનુપમા દેખાઈ એટલે એ વળી દોડી આવ્યો અને અનુપમાનો હાથ પકડી એને ટેકો આપવા લાગ્યો. એણે કહ્યું, 'આપણી કેબીન વચલે માળે એટલે કે ડોક 'B' પર છે. ત્યાં જવા માટે પેલે દાદરેથી વળી નીચે ઊતરવું પડશે. ચાલ.'

એટલે બંને જણાં દાદરો ઊતરીને વચલે માળે પહોંચ્યા. ત્યાં એક પછી એક કેબીનનાં બારણાં વટાવતાં તેઓ એક કેબીન આગળ પહોંચ્યાં. રાઘવ એના બારણા આગળ ઊભો રહ્યો. પછી વળ્યો અને નવાઈભરી રાડ પાડી ઊઠ્યો, 'અરે! કેબીન B-13! તેરનો આંકડો? અનુપમા, તને તેરના આંકડાની બહુ બીક તો નથી ને?'

'તેરનો આંકડો? એ ક્યાં છે?'

રાઘવ કેબીનના નંબરની તકતી આગળથી ખસી ગયો અને અનુપમાએ બારણાની આગળ એક તકતી લટકતી જોઈ. આંકડો જણાયોઃ B-13!

'બાપ રે! તારી વાત ખરી છે, રાઘવ? પણ એમ હું કાંઈ વહેમી અને બીકણ નથી પણ આ આપણી જ કેબીન છે ને?'

'જરૂર.'

'તો ઉઘાડ બારણું અને આપણી હનીમૂન-યાત્રાના પહેલા વાહનમાં મારું સામૈયું કર!' અનુ ઉત્સાહમાં હતી.

રાઘવે કેબીન ઉઘાડી. અંદર હાથ લંબાવીને લાઈટ કરી. 'લો, મેડમ, તારા સ્વાગતમાં અજવાળું!'

'હં... સરસ કેબીન છે, રાઘવ.'

'મેં ટિકિટ લીધી ત્યારે કહેલું કે મારે બેસ્ટમાં બેસ્ટ કેબીન જોઈએ! મારી નવી દુલ્હનને એમાં ઘર જેવું વાતાવરણ મળવું જોઈએ. એટલે જો, ફૂલ, શરબત, અરે નાનકડા કબાટમાં પુસ્તકો સુદ્ધાં! અને પથારી તો જો! સૂઈશ ત્યારે લાગશે જાણે પાણી પર તરતી હો.'

'રાઘવ! માય રાઘવ! આઈ એમ શો હેપી! મને થાય છે કે આટલાં વરસ હું કુંવારી રહી તે સારું જ થયું. તારા જેવો હસબન્ડ મળ્યો અને હું તો સાવ ગાંડી જ છું!'

'તું જરાય ગાંડી નથી, અનુ. તને ગાંડી કહેનારની તો હું જીભ કાપી નાખું! જરાક મેનિન્જાઈટિક આવી જવાથી થોડું જ કોઈ ગાંડુ થઈ જાય છે? પણ તેં વ્હોટ્સ્એપ પર જણાવેલી એક ટેવ ભૂલી જજે. ડિટેક્ટીવ વાર્તાઓ વાંચવાનો શોખ છોડી દેજે. એવું બધું વાંચવાથી દિમાગ અપરાધમય બની જાય છે.' રાઘવે સલાહ આપી.

**(વાચક મિત્રો! રાઘવ ભલે આમ બોલે, અપરાધ હવામાં જ છે! એની વાત આગામી સપ્તાહે હમણાં જોઇએ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

### રહસ્યકથા 'મોતીની માળા'નો ઉકેલ

જગદીશ નાસવાનો વિચાર કરી ન શકે એવી રીતે હર્ષદ, અશ્વિન વગેરે એને ઘેરીને બેઠા અને અજયે ભેદ ખોલ્યો, 'જગદીશ શેઠનો સાળો એટલે દરેક પ્રસંગે અહીં હાજર હોય. મંજરીબેનની મોતી-માળા આજે પૂરી થવાની છે એની ય ખબર હોય. ફળ, ફૂલ, ફુગ્ગાનાં સુશોભનો થશે એની ય ખબર હોય. એટલે પશુ, પક્ષી કે ખનિજની રમત વેળા માળા તફડાવવાની તક મળશે. એ પણ સમજણ હોય એને એ તક પણ મળી ગઇ. 'પછી શોધખોળમાં મને એક ઝીણી પિન મળી ગઇ. વળી, ચમકીલી ફર્શ પર સુશોભનનાં દ્રાક્ષનાં લુમખાંના પ્રતિબિંબમાં એક લુમખાની દ્રાક્ષમાં જરા નાની દ્રાક્ષ જણાઇ. હું સમજી ગયો કે ઠગે મોતીની માળાને દ્રાક્ષનાં લુમખાં ભેગી નાની પિન વડે લટકાવી છે! આવું કોણે કર્યું હોય? જેના ગજવામાં ફોલ્ડિંગ કાતર મળે એણે! જગદીશે'